પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૩૩ | ૧૩ એપ્રિલ, ૨૦૨૩, ગુરૂવાર; ચૈત્ર વદ - ૦૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આગામી ૧૦ દિવસમાં કોરોનાના કેસ વધશે

## વાયરસના કેસમાં ઝડપી વૃદ્ધિ બાદ તે પછી કેસ ઝડપથી ઘટવા લાગશે, કેસ વધી રહ્યા હોવા છતાં લોકોને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર નથી

નવી દિલ્હી, તા.૧૨

દેશમાં સ્થાનિક સ્તરે કોવિડ-૧૯ના કેસ વધી રહ્યા છે. અનુમાન મુજબ, આગામી ૧૦ દિવસ સુધી દેશમાં કોવિડના કેસ વધશે, પરંતુ તે પછી કેસ ઝડપથી ઘટવા લાગશે. સત્તાવાર સૂત્રોએ આ માહિતી આપી.

સૂત્રોએ જણાવ્યું કે કેસ વધી રહ્યા હોવા છતાં લોકોને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર નથી. તેમણે કહ્યું કે કેસોમાં વર્તમાન વધારો એક્સબીબી.૧.૧૬ વેરિઅન્ટને કારણે થઈ રહ્યો છે, જે ઓમિક્રોનનો પેટા પ્રકાર છે.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું કે, "દેશમાં કોવિડ-૧૯ સ્થાનિક સ્તરે (સ્થાનિક સ્તર) તરફ આગળ વધી રહ્યો છે. આગામી ૧૦-૧૨ દિવસ સુધી કેસ વધી શકે છે અને તે પછી ઘટી શકે છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા બુધવારે જાહેર કરાયેલા કોરોના ડેટા અનુસાર, ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭,૮૩૦ નવા સંક્રમણના કેસ નોંધાયા છે. માહિતી અનુસાર, છેલ્લા ૨૨૩ દિવસમાં નવા કેસ સૌથી વધુ છે અને હવે દેશમાં સક્રિય કેસની સંખ્યા વધીને ૪૦,૨૧૫ થઈ ગઈ છે.

સ્થાનિક સ્તરે કોરોના વાયરસના વધતા કેસોનો અર્થ એ છે કે તે દેશમાં કોઈ ચોક્કસ જગ્યાએ ઝડપથી ફેલાઈ રહ્યો છે. છેલ્લા દિવસોમાં રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને મુંબઈ જેવા મહાનગરોમાં કોવિડના કેસ ઝડપથી વધી રહ્યા છે. તેને જોતા લોકોને સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૭,૮૩૦ નવા કેસ નોંધાયા છે. મંગળવારે ૫,૬૭૬ નવા કેસ નોંધાયા હતા. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે હવે દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસોની સંખ્યા ૪૦,૨૧૫ પર પહોંચી ગઈ છે. ફરી એક વખત કોરોનાના કારણે ભયનો માહોલ સર્જાયો છે. લોકોએ માસ્ક, સેનેટાઈઝરનો ઉપયોગ શરૂ કરી દીધો છે.

દેશમાં અનેક રાજ્યોએ કોરોના ગાઈડલાઈન પણ જાહેર કરી દીધી છે. તે હેઠળ જાહેર સ્થળો પર માસ્ક લગાવવું અનિવાર્ય કરી દેવામાં આવ્યુ છે.

## દેશમાં ૭૮૩૦ કોરોનાના નવા કેસ

### ૨૨૩ દિવસોમાં સૌથી વધુ છે, ગત વર્ષે સપ્ટેમ્બરમાં ૧ તારીખે ૭૯૪૬ કેસ નોંધાયા, સક્રિય કેસની સંખ્યા ૪૦,૨૧૫

નવી દિલ્હી, તા.૧૨

દેશમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭,૮૩૦ નવા કેસ નોંધાયા છે. જે ૨૨૩ દિવસોમાં સૌથી વધુ છે. ગત વર્ષે સપ્ટેમ્બરમાં ૧ તારીખે ૭૯૪૬ કેસ નોંધાયા હતા. હવે આજે દેશમાં સક્રિય કેસની કુલ સંખ્યા ૪૦,૨૧૫ થઈ ચૂકી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪,૬૯૨ લોકો કોરોનાથી સાજા થયા હતા. તે જ સમયે કોરોનાથી સાજા થનારા લોકોની કુલ સંખ્યા ૪,૪૨,૦૪,૭૭૧ થઈ છે. રિકવરી રેટની વાત કરીએ તો તે ૯૮.૭૨% છે. દરરોજનો પોઝિટિવિટી રેટ ૩.૬૫% છે અને વીકલી પોઝિટિવિટી રેટ પણ ૩.૮૩% નોંધાયો હતો. અત્યાર સુધીમાં દેશભરમાં રસીના કુલ ૨૨૦.૬૬ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

# ભટિંડા કેન્ટમાં ફાયરિંગ : ચાર જવાન શહીદ

નવી દિલ્હી, તા.૧૨

પંજાબના ભટિંડા સ્થિત આર્મી વિસ્તારમાં ફાયરિંગના સમાચાર આવી રહ્યા છે. કેન્ટોનમેન્ટ વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે. આ ઘટના બાદ કેન્ટોનમેન્ટમાં કોઈને પણ પ્રવેશવા દેવામાં આવી રહ્યો નથી. પોલીસ સૂત્રોનું કહેવું છે કે કેન્ટમાં ફાયરિંગ થયું છે જેમાં ૪ જવાનોના મોત થયા છે. સેનાના સાઉથ વેસ્ટર્ન કમાન્ડે એક નિવેદન જારી કરીને જણાવ્યું છે કે ભટિંડા મિલિટરી સ્ટેશનની અંદર આજે સવારે લગભગ ૪.૩૫ વાગ્યે ગોળીબારની ઘટનામાં ચાર લોકો ઘાયલ થયા છે. સ્ટેશન ક્વિક રિએક્શન ટીમો સક્રિય કરવામાં આવી હતી અને વિસ્તારને કોર્ડન કરીને સીલ કરવામાં આવ્યો હતો. સર્ચ ઓપરેશન ચાલુ છે. ભટિંડાના જીજીએ કોઈપણ આતંકી હુમલાનો ઈક્કાર કર્યો છે. પોલીસ તેને પરસ્પર અથડામણની ઘટના ગણાવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર હાલમાં પોલીસને પણ મિલિટ્રી સ્ટેશનની અંદર જવા દેવામાં આવતી નથી. નવી માહિતી અનુસાર, આ ઘટના અધિકારીઓની મેસની અંદર

**સેનાએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો, સર્ચ ઓપરેશન ચાલુ : ભટિંડાના SSPએ કોઈપણ આતંકી હુમલાનો ઈક્કાર કર્યો છે, પોલીસ તેને પરસ્પર અથડામણની ઘટના ગણાવી રહી છે, હાલમાં પોલીસને પણ મિલિટ્રી સ્ટેશનની અંદર જવા દેવામાં આવતી નથી**





● અનુસંધાન પાન-૭ પર

# નિતિશ કુમાર અને તેજસ્વીની રાહુલ ગાંધી સાથે મુલાકાત

## ૨૦૨૪ની ચૂંટણી પહેલાં વિપક્ષને એકજૂટ કરવાના પ્રયાસ : નીતિશે કહ્યું કે અમે શક્ય તેટલી વધુ પાર્ટીઓને એક કરવાનો પ્રયાસ કરીશું અને ભવિષ્યમાં સાથે મળીને કામ કરીશું



નવી દિલ્હી, તા.૧૨

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં બધા જ વિપક્ષી દળો ભાજપને ઘેરવાની રણનીતિ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. જોકે વિપક્ષ લોકસભા ચૂંટણી પહેલા એકજુટ થઇ શકશે તે મોટો સવાલ છે. તમામ મતભેદો વચ્ચે આજે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર, કોંગ્રેસ પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે જોવા મળ્યા હતા. નીતિશ કુમાર બિહારના ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવ સાથે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઘરે પહોંચ્યા હતા. અહીં પાર્ટી અધ્યક્ષ સાથે રાહુલ ગાંધીએ તેમનું સ્વાગત કર્યું હતું.

મિટિંગ પછી મીડિયા સાથેની વાતચીતમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે આ વિપક્ષને એકજુટ કરવાની દિશામાં પગલું છે. જે પણ અમારી સાથે આવશે તેને સાથે લઈને ચાલીશું. વિપક્ષને એક કરવામાં ઘણું ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું છે. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓમાં ભાજપ શાસિત કેન્દ્ર સરકાર સામે વૈચારિક લડાઈમાં તમામ વિપક્ષોને સાથે લઈશું.

રાહુલ ગાંધીનું નિવેદન કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે સાથે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ સાથે નવી દિલ્હીમાં બેઠક યોજ્યા બાદ આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના પૂર્વ ચેરમેન કેશબ મહિન્દ્રાનું નિધન

## તાજેતરમાં જ કેશબ મહિન્દ્રાને ફોર્બ્સ દ્વારા ૨૦૨૩ની યાદીમાં સામેલ કરાયા હતા



નવી દિલ્હી, તા.૧૨

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના પૂર્વ ચેરમેન કેશબ મહિન્દ્રાનું ૯૯ વર્ષની વયે નિધન થયું છે. ઈનસ્પેશના પ્રમુખ પવન કે ગોએન્કાએ પોતાના ટ્વિટર હેન્ડલ પર આ જાણકારી આપી છે. તાજેતરમાં જ કેશબ મહિન્દ્રાને સંપત્તિનો અંદાજ લગાવનાર મેગેઝિન ફોર્બ્સ દ્વારા ૨૦૨૩ની યાદીમાં સામેલ કરવામાં આવ્યા હતા. ફોર્બ્સે જણાવ્યું હતું કે, તેઓ સૌથી વૃદ્ધ ભારતીય અબજોપતિ છે. ૯૯ વર્ષીય કેશબ મહિન્દ્રાની સંપતિ ૧.૨ બિલિયન ડોલર આંકવામાં આવી હતો.

કેશબ મહિન્દ્રાએ યુએસએની પેન્સિલવેનિયા યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન કર્યું હતું. તેઓ ૧૯૪૭માં મહિન્દ્રા ગ્રુપમાં જોડાયા અને ૧૯૬૩માં કંપનીના ચેરમેન બન્યા હતા. કેશબ મહિન્દ્રાને કેન્દ્રીય ઉદ્યોગ સલાહકાર પરિષદ સહિત અનેક સમિતિઓમાં સ્થાન મળ્યું છે. તેમણે સેલ, ટાટા સ્ટીલ, ટાટા કેમિકલ્સ, ઈન્ડિયન હોટલ્સ, આઈએફસી અને આઈસીઆઈસીઆઈ સહિતની અનેક કંપનીઓના બોર્ડ અને કાઉન્સિલમાં પણ કામ કર્યું છે. ૨૦૦૪થી ૨૦૧૦ સુધી કેશબ મહિન્દ્રા નવી દિલ્હીની વડાપ્રધાનના વેપાર અને ઉદ્યોગ પરિષદના સભ્ય હતા.

# વધારાની માનવીય સહાયતા મોકલવા મોદીને યુક્રેનની વિનંતી

## યુક્રેનના રાષ્ટ્રપતિનો ભારતના વડાપ્રધાનને પત્ર : યુક્રેનના નાયબ વિદેશ મંત્રી એમિન ઝાપારોવા ભારતની મુલાકાતમાં મોદીને સંબોધિત ઝેલેન્સકીનો આ પત્ર સોંપ્યો

નવી દિલ્હી, તા.૧૨

એક વર્ષ કરતા પણ વધુ સમયથી રશિયા સાથે યુદ્ધ લડી રહેલા યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર મોકલ્યો છે. આ પત્રમાં તેણે પીએમ મોદીને યુક્રેનને વધારાની માનવીય સહાય મોકલવા વિનંતી કરી છે.

આ વિનંતી એવા સમયે કરવામાં આવી છે જ્યારે યુક્રેનના નાયબ વિદેશ મંત્રી એમિન ઝાપારોવા ભારતની ત્રણ દિવસની મુલાકાતે છે. જાપારોવાએ ગઈ કાલે ભારતના નાયબ વિદેશ મંત્રી મીનાક્ષી લેખી સાથેની મુલાકાત દરમિયાન પીએમ મોદીને સંબોધિત રાષ્ટ્રપતિ ઝેલેન્સકીનો આ પત્ર સોંપ્યો હતો. આ પત્રમાં યુક્રેને દવાઓ અને તબીબી સાધનો સહિત વધારાના માનવતાવાદી પુરવઠા માટે વિનંતી કરી હતી. વિદેશ મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં આ માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે યુક્રેનના મંત્રીએ એવો પણ પ્રસ્તાવ મૂક્યો હતો કે, યુક્રેનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પુનઃનિર્માણ ભારતીય કંપનીઓ માટે એક તક બની શકે છે. નિવેદન




પ્રમાણે તેના પર સહમતિ બની છે કે, બંને દેશો વચ્ચે આગામી આંતર-સરકારી આયોગ પરસ્પર રૂપે અનુકુળ તારીખે ભારતમાં આયોજિત કરવામાં આવશે. ભારત સાથે સંબંધો વધારવાની ઈચ્છા વ્યક્ત કરતાં જાપારોવાએ કહ્યું કે, ભારત મોટી ભૂમિકા ભજવી શકે છે. અમે સાર્વભૌમ દેશોના નિર્ણયોનું સન્માન કરીએ છીએ. ભારત પણ અન્ય દેશો સાથે સંબંધો બનાવી રહ્યું છે. તે તમારે નક્કી કરવાનું છે તે તમારા ફાયદા માટે છે. તેમણે કહ્યું કે, યુક્રેન ભારત સાથે મહત્વપૂર્ણ સૈન્ય તકનીક અને કુશળતા શેર કરવા માટે તૈયાર છે. ગત વર્ષે ફેબ્રુઆરીમાં રશિયા સાથે યુદ્ધ શરૂ થયા બાદથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ યુક્રેની નેતા ઝેલેન્સકી સાથે ઘણી વખત વાત કરી છે. ગત વર્ષે ૪ ઓક્ટોબરે ઝેલેન્સકી સાથે ફોન પર વાતચીતમાં પીએમ મોદીએ કહ્યું હતું કે, આ મુદ્દાનો કોઈ લશ્કરી ઉકેલ ન થઈ શકે અને ભારત શાંતિ પ્રયાસોમાં યોગદાન આપવા માટે તૈયાર છે.

## સંજય દત્તને કન્નડ ફિલ્મના શૂટિંગ દરમિયાન ઈજા

મુંબઈ, તા.૧૨

બોલીવુડ સુપરસ્ટાર સંજય દત્ત ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની દમદાર એક્ટિંગ માટે જાણીતા છે. સંજય દત્તને લઈને એક મોટી જાણકારી સામે આવી રહી છે. સંજય દત્ત એક ફિલ્મના શૂટિંગ દરમિયાન ઈજાગ્રસ્ત થઈ ગયા છે.


સંજય દત્ત અત્યારે બેંગ્લુરુની આસપાસના વિસ્તારોમાં પોતાની આગામી કન્નડ ફિલ્મ કેડીઃ ધ ડેવિલ ના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં એક બોમ્બ વિસ્ફોટ સિક્વેન્સનું શૂટિંગ ચાલી રહ્યુ હતુ. આ બોમ્બ બ્લાસ્ટનું શૂટિંગ કરવા દરમિયાન સંજય દત્ત ઈજાગ્રસ્ત થઈ ગયા છે.

# મોદીએ ૧૩ વર્ષિય છાત્રાને પુછ્યું, 'હું તમારી પાસેથી શું શિખી શકું'

## ઈન્દોરની અસાધારણ પ્રભાશાળી છોકરીને કોલેજમાં પ્રવેશ : તનિષ્કા સુજીતે નવ વર્ષની ઉંમરે પાંચમું ધોરણ પાસ કર્યુ અને પછી ૧૧ વર્ષની ઉંમરે સીધા બોર્ડની પરીક્ષા આપી

ભોપાલ, તા.૧૨

મધ્યપ્રદેશના ઈન્દોર જિલ્લામાં અસાધારણ પ્રતિભા ધરાવતી ૧૩ વર્ષની છોકરીને કોલેજમાં પ્રવેશ મળ્યો છે. આ પ્રતિભાશાળી છોકરીનું નામ તનિષ્કા સુજીત છે. ભોપાલની મુલાકાત દરમિયાન ૧ એપ્રિલે તનિષ્કા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળી હતી. તનિષ્કાએ પીએમ મોદી સાથે લગભગ ૧૫ મિનિટ સુધી વાત કરી હતી. તેણે નવ વર્ષની



ઉંમરે પાંચમુ ધોરણ પાસ કર્યું અને પછી ૧૧ વર્ષની ઉંમરે સીધા બોર્ડની પરીક્ષા આપી હતી.

તનિષ્કાએ વર્ષ ૨૦૨૦માં કોવિડ-૧૯ દરમિયાન તેના પિતા સુજીતને ગુમાવ્યો હતો. તનિષ્કાના પિતા જ તેના શિક્ષક હતા. તેમણે તેમની પુત્રીને બોર્ડની પરીક્ષામાં સામેલ કરવા માટે રાજ્યપાલ પાસેથી વિશેષ પરવાનગી મેળવી હતી. તનિષ્કાએ જણાવ્યું, "જ્યારે

● અનુસંધાન પાન-૭ પર




## હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ

"રડે છે અમારી આંખો જોઇ તસ્વીર તમારી,
અને રડે છે હૈયું જ્યારે ઉભરે છે યાદ તમારી,
મિત્ર ગુમાવ્યાની વ્યથા શબ્દોમાં સમાતી નથી,
મન હજુ માનતુ નથી કે તું અમારી વચ્ચે નથી"

"કોઈને ખુશી તો કોઈને પ્યાર મળે,
કોઈને ફુલ તો કોઇને ફુલહાર મળે,
અમે તો બસ એટલું જ માંગીએ છીએ કે,
અમને જન્મોજનમ તારા જેવો યાર મળે"

સ્વ. હરગોવનભાઇ ગોકળભાઈ દેસાઇ
સ્વર્ગવાસ તા. ૦૯-૦૪-૨૦૨૩, રવિવાર

પરમકૃપાળુ પ્રભુ આપના દિવ્ય આત્માને સદ્દગતિ અને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

એજ લિ.

ડો. રાજેન્દ્ર એન. પટેલ - પ્લોટ નંબર ૮૧૬/૨, સેક્ટર ૫/સી
રાજેશભાઈ ગજાનનભાઈ ત્રિવેદી - પ્લોટ નં. ૮૧૬/૧, સેક્ટર ૫/સી
રાજેશકુમાર અંબાલાલ પટેલ - પ્લોટ નં. ૮૧૨/૧, સેક્ટર ૫/સી
અલ્પેશકુમાર મણિલાલ પ્રજાપતિ - પ્લોટ નં. ૮૧૦/૨, સેક્ટર ૫/સી